# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૬ તા.૩-૯-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : શાળા પુસ્તકાલય સજજતા ગ્રાન્ટ વપરાશ બાબત...**

**સંદર્ભ :** એસએસએ/ટીટી/શા.પુ.ગ્રા/૧૫/૩૧૧૫૨-૧૮૯ તા.૧-૮-૧૫

આથી મ્યુ. શાળાના તમામ મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે વર્ષ ૨૦૧૫ – ૧૬ માટે શાળા પુસ્તકાલય સજજતા માટે ૩૦૦ વિદ્યાર્થી કે તેનાથી ઓછી સંખ્યા ધરાવતી શાળાઓને રૂ. ૨૦૦૦ લેખે અને ૩૦૦ થી વધારે સંખ્યા ધરાવતી શાળાઓને રૂ. ૫૦૦૦ લેખે પુસ્તકાલય સજજતા ગ્રાન્ટ આ સાથેની શરતો મુજબ શાળા કક્ષાએ ફાળવવામાં આવે છે.

**શાળા પુસ્તકાલયનો મુખ્ય હેતુ**

(૧) શાળા કક્ષાએ સમૃધ્ધ કરવામાં આવેલ પુસ્તકાલયની સજજતા અને જાળવણી કરવાનો છે.

(૨) શાળામાં ઉપલબ્ધ પુસ્તકાલયમાં બુક ડિસ્પલે, બુક સેલ્ફ, સામાયિક, પુસ્તકો, વર્તમાનપત્રો વસાવીને શાળા પુસ્તકાલય સજજ કરવાનો છે.

**શરતો/કાર્યપધ્ધતિ**

**નાણાકીય :**

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ના વર્ષના અંદાજપત્રમાં થયેલ બજેટ જોગવાઈઓને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાની જોગવાઈ વર્ષ ૨૦૧૫–૧૬માટે પણ અમલ કરવાની રહેશે.

(૨) સદર ગ્રાન્ટમાંથી કોઈપણ વસ્તુની ખરીદી / ખર્ચ કરતી વખતે રાજય સરકારના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) નાણાકીય વર્ષના અંતે વણવપરાયેલ ગ્રાન્ટ પરત કરવાની રહેશે અને તેની જવાબદારી શાળાના મુ.શિ.શ્રીની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ રાજય કક્ષાના વખતો વખત લાગુ પડતા ઠરાવ/ પરિપત્રો ની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) રાજય સરકારના નિયમોનુસાર તથા રાજા રામમોહનરાય સમિતિ અનુસાર મહતમ કમિશન મેળવી અને તે રકમના પણ પુસ્તકો ખરીદ કરવાના રહેશે. એટલે કે કુલ ચુકવવાપાત્ર રકમ રૂ. ૨૦૦૦/૫૦૦૦ રહેશે.

**પસંદગી સમિતિ :**

**(૬) શાળા કક્ષાએ નીચે મુજબ દસ સભ્યોની પસંદગી સમિતિ બનાવવાની રહેશે.**

| | ધોરણ ૧ થી ૮ ની શાળા માટે | ધોરણ ૬ થી ૮ ની શાળા માટે | ધોરણ ૧ થી ૫ ની શાળા માટે |
|---|---|---|---|
| મુખ્ય શિક્ષક | ૧ | ૧ | ૧ |
| ધોરણ ૧ થી ૫ ના શિક્ષકો * | ૨ | – | ૫ |
| ધોરણ ૬ થી ૮ શિક્ષકો * | ૩ | ૫ | – |
| વિદ્યાર્થી/વિદ્યાર્થીની | ૪ | ૪ | ૪ |
| | ૧૦ | ૧૦ | ૧૦ |

કુલ ૧૦ સભ્યો રહેશે. જેમાં તમામ સભ્યોની ઉપસ્થિતિ અનિવાર્ય રહેશે.

* જયાં શિક્ષકોની સંખ્યા ઓછી હોય ત્યાં તેટલા બાળકોની સંખ્યા વધારી સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૧૦ કરવી.

શિક્ષકોમાં સ્ત્રી પુરુષ અને વિદ્યાર્થીઓમાં કુમાર કન્યા શકય હોય તો સપ્રમાણમાં જળવવા.

(૭) એસ.એમ.સી. દ્વારા વિકેન્દ્રીકૃત રીતે ખરીદી કરવાની હોઈ શાળામાં ઉપલબ્ધ પુસ્તકો અને શાળા પુસ્તકાલયની ઉપલબ્ધ સુવિધાને ધ્યાનમાં રાખીને આ પસંદગી સમિતિ દ્વારા જરૂરિયાત અનુસારની ખરીદી તૈયાર કરીને એસ.એમ.સી. બેઠકમાં તે યાદીમાંથી શાળાની અગ્રતાક્રમની જરૂરીયાત નકકી કરીને પસંદગી સમિતિના સભ્યો તથા એસ.એમ.સીના સભ્યોની સર્વ પસંદગીથી એસ. એમ. સી. માં ઠરાવ કરીને ખરીદી માટેની મંજુરી મેળવી તે આધારે સંદર્ભિત પત્ર મુજબ ગ્રાન્ટ વપરાશ કરવાનો રહેશે.

**(૮) શાળા કક્ષાની સમિતિ દ્વ્રારા પુસ્તક પસંદગી કરવા અંગેની પ્રક્રિયા સમયે ISBN (International Standerard Book Number) નંબર ધરાવતા પુસ્તકો કે જેને આધારે જે–તે પુસ્તકનો બારકોડ જનરેટ થાય છે તેવા જ પુસ્તકો ખરીદવાના રહેશે.**

**(૯) જે તે પુસ્તકની પસંદગી અંગે પસંદગી સમિતિએ તેના લખાણ અંગે જરૂરી ચકાસણી કરી લેવાની રહેશે.**

**(૧૦) પુસ્તક પસંદગી ક્ષેત્રો અને રકમની મર્યાદા**

| ક્રમ | વિભાગ | વિગત |
|---|---|---|
| ૧ | બાળસાહિત્ય | ગુજરાતી (બાળવાર્તાઓ, બાળનાટકો, બાળ રમતો, બાળકાવ્યો) હિન્દી/અંગ્રેજી (સચિત્ર વાર્તાઓ) |
| ૨ | શબ્દકોષ/જ્ઞાનકોષ | ગુજરાતી જોડણીકોષ, હિન્દી જોડણીકોષ, અંગ્રેજી ડીક્ષનેરી, ડીક્ષનેરી ગુજરાતી – અંગ્રેજી , ડીક્ષનેરી અંગ્રેજી – ગુજરાતી , ડીક્ષનેરી ગુજરાતી – હિન્દી – અંગ્રેજી , સચિત્ર શબ્દકોષ, બાળ જ્ઞાનકોષ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ક્રમ | વિભાગ | વિગત |
|---|---|---|
| ૩ | પ્રેરક સાહિત્ય | જીવન ચરિત્ર (સ્વાતંત્રવીર, વિરલ નારીઓ, સામાજિક કાર્યકરો, વૈજ્ઞાનિકો, રમતવીરો), આત્મકથાઓ |
| ૪ | શિક્ષકો માટેના સંદર્ભ સાહિત્ય | વિવિધ વિષયના અભ્યાસક્રમ માટે સંદર્ભ હોય તેવા જ સાહિત્ય (ભાષા, ગણિત/વિજ્ઞાન, સા. વિજ્ઞાન), સ્વચ્છતા – સંદર્ભનું સાહિત્ય |
| ૫ | સામયિકો | બાળ સામાયિકો (ઉંમર મુજબ, શૈક્ષણિક વેલ્યુ સાથેના), વિજ્ઞાન વિષયક સામાયિકો (ધોરણ ૬ થી ૮ માટે), ગણિત વિષયક સામાયિકો ( ધોરણ ૬ થી ૮ માટે),અંગ્રેજી વિષયક સામાયિકો (ધોરણ ૩ થી ૫ અને ૬ થી ૮ માટે), સામાન્ય જ્ઞાન ના સામાયિકો ( ધોરણ ૧ થી ૫ અને ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે), એન.સી.ઈ.આર.ટી. ના સામાયિકો |

| વિભાગ | રૂ. ૨૦૦૦<br>૩૦૦ કરતાં ઓછી સંખ્યાવાળી શાળાઓ માટે | રૂ. ૫૦૦૦<br>૩૦૦ કરતાં વધારે સંખ્યા વાળી શાળાઓ માટે |
|---|---|---|
| બાળ સાહિત્ય | ૮૦૦ | ૧૫૦૦ |
| શબ્દકોષ/જ્ઞાનકોષ | ૪૦૦ | ૧૦૦૦ |
| પ્રેરક સાહિત્ય | ૫૦૦ | ૧૫૦૦ |
| શિક્ષકો માટેનું સંદર્ભ સાહિત્ય | ૩૦૦ | ૧૦૦૦ |
| કુલ રકમ | ૨૦૦૦ | ૫૦૦૦ |

ઉપરોક્ત વિભાગ મુજબ પુસ્તકો/ સામયિકોની ખરીદી કરવાની રહેશે. જે તે વિભાગમાં જણાવેલ મહતમ રકમમાં ૫ ટકા વધઘટ રકમથી જે તે વિભાગવાર ખરીદી કરવી.

(ઉદા. જેમ કે બાળ સાહિત્યમાં નાની શાળા માટે રૂપિયા ૫૦૦ હોય તો ૪૭૫ થી ૫૨૫ રૂ. ની મર્યાદામાં અને મોટી શાળા હોય તો રૂ. ૧૦૦૦ માટે રૂ. ૯૫૦ થી રૂ. ૧૦૫૦ ની મર્યાદામાં )

**ડેડસ્ટોક નોંધણી :**

(૧૧) આ ગ્રાન્ટમાંથી શાળા કક્ષાએ લાવવામાં આવેલ વસ્તુઓ વર્ષ ૨૦૧૫–૧૬ માટે નવી બાબત હેઠળ શાળા પુસ્તકાલય સજજતા ગ્રાન્ટ હેઠળ શાળા લાયબ્રેરી રજીસ્ટર/ ડેડસ્ટોક રજિસ્ટરમાં નોંધવાની રહેશે.

**ગ્રાન્ટ વપરાશ મર્યાદા અને પ્રમાણપત્ર (યુ.ટી.સી.)**

(૧૨) ગ્રાન્ટ વપરાશ અંગેના વપરાશી પ્રમાણપત્રની વિગતો જે તે શાળા તરફથી સંબંધિત સી.આર.સી. કો. ઓર્ડિનેટરને પત્રક ૧ મુજબ તા. ૨૫–૧૨–૧૫ સુધીમાં આપવાની રહેશે. અને સી.આર.સી. કો. ઓર્ડિનેટરે પત્રક ૨ મુજબ હાર્ડકોપી અને સોફટ કોપી (એકસલ) માં તૈયાર કરી યુ.આર.સી. કો. ઓર્ડિનેટરને તા. તા.૩૧–૧૨–૧૫ સુધી આપવાની રહેશે.

**(૧૩)** શાળા કક્ષાની સમિતિ દ્વારા રાજય કક્ષાના પરિપત્રના માર્ગદર્શન સૂચનાઓને અનુસરી પુસ્તક ખરીદી પ્રક્રિયા મોડામાં મોડી પ્રથમ સત્ર પૂર્ણ થાય તે પહેલા એટલે તા.૭–૧૧–૧૫ સુધી પૂર્ણ કરવાની રહેશે.

**પુસ્તક ખરીદી મોનીટરીંગ**

(૧૪) નીચે મુજબ શાળાઓએ ખરીદેલ પુસ્તકોની પુસ્તક પસંદગી ખરીદ પ્રક્રિયા બિલ, ડેડસ્ટોક નોંધણી અને પુસ્તકોની ભૌતિક ખરાઈ કરવી.

| ક્રમ | ચકાસણી કર્તા | શાખાઓ | ચકાસણીની અંતિમ તારીખ | ચકાસણી કર્યા બદલનું રીપોર્ટીંગ કાર્ય |
|---|---|---|---|---|
| ૧ | સી.આર.સી. કો. ઓર્ડિનેટર | સી.આર.સી. ની તમામ શાળાઓ | ૧૦ જાન્યુઆરી ૨૦૧૬ | જે તે યુ.આર.સી. કો. ઓર્ડિનેટર |
| ૨ | યુ.આર.સી. કો. ઓર્ડિનેટર | તમામ કલસ્ટરની એક એક શાળા | ૧૫ જાન્યુઆરી ૨૦૧૬ | ઓ.આઈ.સી. ટી.ટી. |
| ૩ | સુપરવાઈઝર | બિટની કોઈપણ ૧૦ શાળાઓ | ૧૫ જાન્યુઆરી ૨૦૧૬ | જે તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી |

તા.૩ -૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી